ડૉ. સુરેખા કે.પટેલ
સંસ્કૃત વિભાગ,
જી.ડી.મોદી કૉલેજ ઑફ આર્ટ્સ,
પાલનપુર - ૩૮૫ ૦૦૧
Mob. 94280 23071

# આચાર્ય અભિનવગુપ્તની રસ-જ્ઞાન મીમાંસા

ધ્વનિ સમર્થક આચાર્ય આનંદવર્ધનની પરંપરામાં થઈ ગયેલા અભિનવગુપ્ત એક કવિ, કાવ્યશાસ્ત્રી અને દાર્શનિક પણ હતા. પંડિત નરસિંહ ગુપ્ત અને માતા વિમલ કમલાના પુત્ર અભિનવગુપ્તની જ્ઞાનપિપાસા એટલી બધી તીવ્ર હતી કે તેમણે પિતા નરસિંહ પાસેથી વ્યાકરણનું, વામનનાથ પાસેથી દ્વૈતાદ્વૈતતન્ત્રોનું, ભૂતિરાજ પાસેથી બ્રહ્મવિદ્યાનું, ભૂતિરાજતનય પાસેથી દ્વૈતવાદી શૈવમતનું, લક્ષ્મણગુપ્ત પાસેથી ક્રમ અને ત્રિકદર્શનોનું, ઈન્દુરાજ પાસેથી ધ્વનિસિદ્ધાન્તનું અને ભટ્ટ તોત પાસેથી નાટ્યશાસ્ત્રનું અધ્યયન કર્યું. આ ઉપરાંત શ્રીચન્દ્ર, યોગાનંદ, અભિનંદન, વિચિત્રનાથ, શિવ, ઉદ્ભટ, ભાસ્કર, ભક્તિ વિલાસ, ચન્દ્રવર, શિવભક્તિ, ધર્મ, વામન અને ભૂતીશ વગેરે આચાર્યો પાસેથી વિવિધ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. 'ગુપ્ત' તેમના વંશનું નામ હતું. તેઓ કાશ્મીરી હતા. બાળપણમાં માતાનું છત્ર ગુમાવ્યું. પિતાએ સંન્યાસ લીધો. પરિણામે પોતે પણ સંસારથી વિરક્ત થયા. આજીવન બ્રહ્મચારી રહ્યા અને શૈવ આગમોનું આકંઠ પાન કર્યા બાદ સંન્યાસી બન્યા. તેઓ સિદ્ધ પુરુષોની અને દાર્શનિકોની મંડળીમાં અગ્રગણ્ય હતા.

મધ્યકાલિન ભારતના મહાન વ્યક્તિઓમાંના એક, ખૂબ જ જ્ઞાની એવા અભિનવ ગુપ્તને ઘણા ગ્રંથોના પ્રણેતા માનવામાં આવે છે. તેમના કેટલાક ગ્રંથોમાં તેમના પૂર્વજો, માતા-પિતા, અન્ય સંબંધીઓ, ગુરુ તથા તેમની રચનાઓના વિષયમાં પર્યાપ્ત વિગતો પ્રાપ્ત થાય છે. સ્વજીવન વિષયક અંગત ઉલ્લેખ કરવામાં મૌન સેવવા ટેવાયેલા કાલિદાસ કે ભાસ જેવા સંસ્કૃત ગ્રન્થકારોની વચ્ચે મૌન તોડનારા આચાર્ય અભિનવગુપ્ત જુદા જ તરી આવે છે. પોતાના 'तन्त्रालोक' અને 'परात्रिंशिका विवरण' એ બે ગ્રંથોમાં તેમજ તેમના અન્ય ગ્રન્થોમાં પણ તેમને અંગત જીવનને લગતી માહિતી સંક્ષેપમાં આપી છે. આ ઉપરાંત તેમના શિષ્યો, વ્યાખ્યાકારો અને પરંપરામાં ઊતરી આવેલી કિંવદન્તીઓમાં પણ તેમના જીવન વિશેની ઘણી પૂરક માહિતી પ્રાપ્ત થાય છે. આચાર્ય અભિનવગુપ્ત નામના બે ગ્રંથકારો જાણીતા છે. શાક્ત અભિનવગુપ્ત અને શૈવ અભિનવગુપ્ત.

- ઈ.સ. દસમી સદીના ઉત્તરાર્ધમાં અને અગિયારમી સદીના પૂર્વાર્ધમાં થયેલા શૈવ અભિનવગુપ્તે ભારતમાં અલંકાર ક્ષેત્રે ધ્વનિસિદ્ધાંતનો અને દર્શનક્ષેત્રે શૈવપ્રત્યભિજ્ઞા સિદ્ધાન્તનો પાયો દૃઢમૂળ કર્યો. તેઓ પ્રખર તાંત્રિક, યોગી અને આચાર્ય હતા. આ દિવ્ય-ભવ્ય વિભૂતિનું વ્યક્તિત્વ તેમના ૪૫ થી વધુ સંખ્યામાં લખાયેલા ગ્રંથો,' પ્રબંધો, ભાષ્યો, વ્યાખ્યાઓ, સંગ્રહો, વિવરણો અને સ્તોત્ર સ્વરૂપના ગ્રંથોમાં પ્રકાંડ પાંડિત્યના ભાર નીચે છુપાયેલું હોવા છતાં પદે પદે ચમકતી તેમની પ્રતિભાનો પુંજ જગતના હરકોઈ વિદ્વાનને આંજી નાંખે તેવો પ્રખર છે.